# પ્રાંતિજ તાલુકાના સરપંચોના ભાવી મતપેટીઓમાં સીલ

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ૨૧ ગ્રામ પંચાયતોની ચૂંટણી આજ રોજ યોજાઇ હતી. જેમાં મતદારોનો સવારથી જ વધુ ધસારો જોવા મલ્યો હતો અને બપોર સુધીમાં ૫૦ ટકા જેટલું મતદાન થયું હતું.

પ્રાંતિજ તાલુકામાં સરપંચોની ચૂંટણીને લઈને સવારજથી સલાલ, દલપુર, નનાનપુર, કમાલપુર, ગલેસરા સહિતનાં ગામોમાં સવારથીજ મતદારોની લાંબી-લાંબી લાઈનો જોવા મળી હતી અને મતદારો દ્વારા પોતાના ભાવી સરપંચોનું ભાવી મતદાન કરી મત પેટીમાં શીલ કરવામાં આવ્યાં હતા.

પ્રાંતિજ પીઆઈ વી.આર. ચાવડા દ્વારા તાલુકામાં આવેલ સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો. કમાલપુર ખાતે પાટીદાર સમાજ કમાલપુર સાદોલિયા જોઈટ ગ્રામ પંચાયતની ચૂંટણી પહેલા સમરસ કરવાનો પ્રયત્ન કર્યો હતો. કમાલપુર ખાતે ૧૨૦૦નું મતદાન છે પણ અન્ય સમાજ તથા ક્ષત્રિય સમાજ એક ના થતા આખરે ચૂંટણી યોજવાનો વારો આવ્યો હતો. આ વખતે સમરસ થાય અને ગામનો વિકાસ થાય તથા સરકારના લાભો ગામને મળે તે હેતુંથી પાટીદાર સમાજ દ્વારા કમાલપુરનુ પેટા ગામ સાદોલીયાના સરપંચ તરીકે બીન હરીફ થાય તે માટે પણ તૈયારીઓ બતાવી હતી. પણ અન્ય સમાજ તથા ક્ષત્રિય સમાજ એક ના થતા છેવટે ચૂંટણી યોજવાનો વારો આવ્યો હતો. પાટીદાર સમાજના ૪૮૦ મતદારોએ આજે કમાલપુર ગામ સમરસ ના થતા મતદાનથી વેગળા રહ્યાં હતાં તો પ્રાંતિજ મામલતદાર અને હાલ ગ્રામપંચાયતોની ચૂંટણીમાં ચૂંટણી અધિકારી તરીકે ફરજ બજાવતા આર.કે. પટ્ટણી દ્વારા શાન્તીપૂર્ણ રીતે ચૂંટણી યોજવામાં આવી હતી. મતદાન સ્થળો ઉપર જાતે જઈને નિરીક્ષણ કર્યું હતું જયારે ચાર વાગ્યાં સુધી ૬૪.૭ ટકા જેટલું મતદાન યોજાયું હતું.



નનાનપુર ખાતે એક વરરાજા નાયી બ્રિજેશકુમાર ઘોડે ચડે તે પહેલાં પોતે પોતાનો મત આપીને ઘોડે ચઢ્યા હતા.



# શિવરાત્રીએ બોલુન્દ્રામાં ૧૦૮ કિલો પારદ (પારા)નુ શિવલીંગ બનાવાશે

### ૧૧૦ વર્ષથી મોડાસાના બોલુન્દ્રામાં અગ્નિહોત્ર થાય છે : સવા લાખ પાર્થિવેશ્વર લીંગનું પૂંજન થશે

મોડાસા, તા. ૪

મહાશિવરાત્રી એટલે દેવાધીદેવ શિવશંકરનું પર્વ. શિવરાત્રીને હવે ગણતરીના દિવસો જ બાકી છે ત્યાં મોડાસા તાલુકાના બોલુન્દ્રામાં આવેલ શ્રીકૃષ્ણાશ્રમ ખાતે શિવરાત્રી નિમિત્તે ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે.

શિવરાત્રીના પાવન દિવસે ૧૦૮ કિલોના પારાનું શિવલીંગ બનાવી શિવ પરીવાર સહિત તેની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવશે સાથે જ પંચકુંડી મહારૂદ્રયાગ તેમજ સવા લાખ પાર્થિવેશ્વર લીંગનું પણ પુંજન કરવામાં આવશે. બોલુન્દ્રા ખાતે શિવરાત્રીના મહાપર્વનો પ્રારંભ ૧૧ ફેબ્રુઆરીથી કરવામાં આવશે. શ્રીકૃષ્ણાશ્રમમાં વૈદિક પરંપરા મુજબ ૧૧૦ વર્ષથી સાયં પ્રાત હોમ કરવામાં આવે છે. શાસ્ત્રોમાં સ્ફટિક શિવલીંગ અને પાર્થિવેશ્વરના પુંજનનું ખુબ જ મહત્વ રહેલુ છે. એ જ રીતે પારદના શિવલીંગનું પણ ઘણુ મહત્વ દર્શાવામાં આવ્યુ છે. અને પારદના શિવલીંગના દર્શન કરવા એ ખુબ સૌભાગ્ય વધારનારૂ અને પુણ્યપ્રાપ્ત કરનારૂ મનાય છે. આશ્રમમાં યજ્ઞશાળાના નિર્માણ વખતે ૧૨ કરોડ લિખીત મંત્રજાપનો મંત્રકુપ બનાવવામાં આવ્યો હતો. ત્યાતે ચાલુ વર્ષે શિવરાત્રીને લઈને ૧૨ કરોડ મંત્ર લેખન પોથી યુક્ત મંત્રકુપ પર ૧૦૮ કિલો પારદના શિવલીંગની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવશે.

### ‘ઓમ નમો ભગવતે વાસુદેવાય’ના ૧૨ કરોડ મંત્રલેખન કરાયા

બોલુન્દ્રા ખાતે આવેલ શ્રીકૃષ્ણાશ્રમની સ્થાપના સમયે યજ્ઞશાળાનું નિર્માણ કરવામાં આવ્યું હતું. ત્યારે સંકલ્પ લેવામાં આવ્યો હતો કે ‘ઓમ નમો ભગવતે વાસુદેવાય’ના ૧૨ કરોડ મંત્રો લખી તેની મંત્રકુપ બનાવવામાં આવશે. ભક્તજનોના સહકારથી ૧૨ કરોડથી વધુ મંત્રલેખન કરવામાં આવ્યુ અને મંત્રો લખેલી પોથીયુક્ત મંત્રકુપ પર પારદના શિવલીંગની સ્થાપના કરવામાં આવશે.

### વિશ્વ કલ્યાણ હેતુએ પારદનું શિવલીંગ બનાવાયુ

આ અંગે જણાવતાં વર્તમાન અગ્નિહોત્રી આત્રેય વ્યાસ અને અગ્નિહોત્રી શુકદેવપ્રસાદ વ્યાસજીએ જણાવ્યું હતું કે વિશ્વકલ્યાણના હેતુ માટે ૧૦૮ કિલોના પારદના શિવલીંગનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે બ્રહ્મલીન બ્રહ્મનિષ્ઠ અગ્નિહોત્રી કૃષ્ણારામ બાપાજીના આશીર્વાદથી શ્રીકૃષ્ણાશ્રમ ખરા અર્થમાં ‘હરીહર તિર્થધામ’ બનશે અને ભક્તો દર્શન કરી ધન્યતા અનુભવશે.

# મેવડ ખાતે નવવધૂએ પાનેતર સાથે આવીને મતદાન કર્યું

મહેસાણા, તા. ૪

આજે મહેસાણા જિલ્લામાં સાંતીપૂર્ણ માહોલમાં ગ્રામ પંચાયતની ચૂંટણી ચાલી રહી છે ત્યારે મહેસાણામાં મેવડ ખાતે ગ્રામપંચાયતની ચૂંટણી યોજવામાં આવી રહી છે. જેમાં મહેસાણાના નજીક આવેલા મેવડ ગામે નવવધૂ કન્યાએ મતદાન કાર્યું હતું. લગ્ન પહેલા જ મતદાન કરીને ગ્રામ અને



નવવધુએ પાનેતર સાથે આવીને મતદાન કર્યું હતું. જ્યારે એક જગ્યા પર મતદાન સમયે બેલેટ પેપરમાં નામ બદલાઈ ગયાનું જાણવા મળતા મતદાન અટકાવીને ફરીવાર શરુ કરવામાં આવ્યું હતું.

મહેસાણા જિલામાં આજે મતદાન માટેનું ઋણ અદા કાર્યું હતું. વહેલી સવારથી મહેસાણાની ૧૩ ગ્રામ પંચાયતો માટે મતદાન શરુ થવા ગયું હતુ. શાંતિપૂર્ણ માહોલમા ચાલી રહ્યું હતુ. મતદાન મહેસાણા જિલ્લાની ૧૩ ગ્રામ પંચાયતમાં સરપંચ પદ માટે ચૂંટણી સહિત ૧૧ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી અને ૨ ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણી આજે થઈ રહી છે. જેમાં વહેલી સવારથી મતદાન મથકો ઉપર લોકોની ભીડ જોવા મળી હતી. મહેસાણામાં શાંતિપૂર્ણ માહોલમાં ઈવીએમમા નિશાન બદલાતા મતદાન ખોરવાયું હોવાનો એક કિસ્સો મહેસાણામાં જોવા મળ્યો હતો. જેમાં જોટાણા તાલુકાના તેજપુરામા મતદાન અટક્યું હતું. વૉર્ડ નંબર ૬ના ઈવીએમમા નિશાનમા ભૂલ નીકળી હતી. બીજા નંબરના ઉમેદવાર ઝાલા રામભા મેતુભાનું નિશાન બદલાઈ ગયું હતું. કુકરની જગ્યાએ ડોલનું નિશાન છપાયું હતું જે માટે ચૂંટણી અધિકારીએ સ્થળ પર પહોંચી ઈવીએમ અને બેલેટ પેપર બદલવાની તજવીજ હાથ ધરી હતી અને મતદાન ફરીવાર શરુ કર્યું હતું.

## વારાહી હાઈસ્કૂલનું ગૌરવ

વારાહી, તા. ૪

શ્રી વારાહી કેળવણી મંડળ સંચાલિત શ્રી સાર્વજનિક ઉચ્ચત્તર માધ્યમિક શાળા વારાહીના ધો. ૧૧માં અભ્યાસ કરતો વિદ્યાર્થી અમૃતકુમાર એસ. ચૌધરીએ રાષ્ટ્રીય શાળા બોકસીંગ ચેમ્પીયન ટુર્નામેન્ટ ૨૦૧૭-૧૮માં બોકસીંગ લોયસ અંડર-૧૭માં ભાગ લીધો હતો. તેઓએ બોકસીંગ બોયસ અંડર-૧૯માં રાજ્યકક્ષાએ વિજેતા બની નેશનલ કક્ષાએ આકોલા (મહારાષ્ટ્ર) ખાતે યોજાયેલ સ્પર્ધામાં ભાગ લીધેલ છે.

આમ પાટણ જિલ્લાના છેવાડાની તાલુકાની શાળામાંથી નેશનલકક્ષાએ સ્પર્ધાએ ભાગ લેતા તેઓએ શાળાનું ગૌરવ વધાર્યુ છે. તે બદલ શાળાના આચાર્ય પી.આર. પંચાલ તેમજ પ્રાથમિક વિભાગના આચાર્ય ડી.આર. પરમારે તેમજ શાળા પરિવારે શુભેચ્છા પાઠવી પ્રમાણપત્ર એનાયત કરેલ છે.

# ભાજપ સરકાર ફરીવાર સત્તા પર બેઠા બાદ વચનમાંથી ફરી : લાલજી પટેલ

મહેસાણા, તા. ૪

ચૂંટણી સમયે ૨૬ સપ્ટેમ્બરના રોજ ભાજપ અને ડેપ્યુટી સિ.એમ દ્વારા પાટીદારોને રીજવવા માટેના પ્રયાસ કરવામાં આવ્યા હતા. જેમાં પાટીદાર સમાજને પોતાની તરફ ભાજપ આકર્ષિત કરવા માટે ૪ માંગણી સંતોષવાની મંજુરી લગભગ આપી દીધી હતી. જ્યારે ભાજપ સરકાર ફરીવાર સત્તા પર બેઠા બાદ વચન માંથી ફરી ગયાનો આક્ષેપ લાલજી પટેલ દ્વારા કરવામાં આવ્યો છે અને જો યોગ્ય પગલા જલ્દી લેવામાં નહી આવે તો આંદોલન ફરીવાર કરવામાં આવશે તેવી ચીમકી પણ આપી હતી સાથે એસ.પી.જી.એ નવી યોજના સમાજના ઉયોગ માટે બનાવી છે જેની મહિતી પણ આપી હતી.

તાજેતરની વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ દ્વારા વોટબેંક બનાવાના પ્રયાસો થયા હતા. ચૂંટણી નજીક હોવાથી તે સમયે ૨૬ સપ્ટેમ્બરના રોજ ભાજપ અને ડેપ્યુટી સિ.એમ સહિત પાટીદાર ધાર્મિક મંડળીઓ અને પાટીદાર સમાજના આગ્નીંયો સહિત અનામત આંદોલનના કન્વીનર સહિત પાસ અને એસપીજીને પણ આ મીટીંગમાં બોલાવામાં આવ્યા હતા. અને મતબેંકને મજબુત કરવા અને પાટીદારોને રીજવવા માટેના પ્રયાસ કરવામાં આવ્યા હતા. સરકારે પાટીદારોને આપેલા વચનમાંથી ફરી ગઈ હોવાનું હાલમાં લાલજી પટેલે જણાવ્યું હતું. જેમાં ૪ માંગણીમાં તમામ કેસ પરત ખેંચવાની ખાતરી આપી હતી. સાથે પોલીસ દમનના ભાગે કાર્યવાહી કરવાની માંગ મુકવામાં આવી હતી સાથે સર્વેની પણ ખાતરી અપાઈ હતી. સરકાર તેનું વચન નહીં નિભાવે તો ફરી આંદોલન શરૂ થશે તેમ ચીમકી લાલજી પટેલ દ્વારા આપવા માં આવી છે. જેમાં પાટીદાર સમાજને પોતાની તરફ ભાજપ આકર્ષિત કરવા માટે ૪ માગણી સંતોષવાની મંજુરી લગભગ આપી દીધી હતી. જ્યારે ભાજપ સરકાર ફરીવાર સત્તા પર બેઠા બાદ વચનમાંથી ફરી ગયાનો આક્ષેપ લાલજી પટેલ દ્વારા કરવામાં આવ્યો છે અને જો યોગ્ય પગલા જલ્દી લેવામાં નહી આવે તો આંદોલન ફરીવાર કરવામાં આવશે તેવી ચીમકી પણ આપી હતી સાથે એસ.પી.જી.એ નવી યોજના સમાજના ઉયોગ માટે બનાવી છે જેની મહિતી પણ આપી હતી. જેમાં લગ્ન પ્રસંગમાં જો કોઈ વસ્તુ જમવાની પડી રહેશે અને તેમાં એસ.પી.જીના કાર્યકરોને જાણ કરવામાં આવે તો તે જમવાનું લઈ જશે સાથે તેનો સદ ઉપયોગ ગરીબ પરિવારને ભરપેટ ભોજન કરાવશે તેમ જણાવ્યું હતું.



## પાલનપુરના જાણીતા તબીબે માતૃશ્રીની પુણ્યતિથી સેવાદીન તરીકે ઉજવી

પાલનપુર શહેરમાં દિલ્હી ગેટ વિસ્તારમાં આવેલ ઠાકોરજી કોમ્યુનિટી હોલ ખાતે જાણીતા તબીબ ડો.સુરેન્દ્ર ગુપ્તાએ પોતાની માતાની ૩૫ મી પૂણ્યતિથી નિમિતે શ્રી એમ.એન.ગુપ્તા ટ્રસ્ટ દ્વારા ફ્રી મેડિકલ અને સારવાર કેમ્પ નું આયોજન કર્યું હતું.

આ કેમ્પ શહેરના જાણીતા તબીબો દ્વારા ચામડીના રોગો, પેટના રોગો, હદયરોગ, સ્ત્રીને લગતા રોગો, આંખના રોગ, હાડકા ને લગતા રોગો, બાળકોના રોગ, દાંત ના રોગો સહિત બ્લડ ટેસ્ટ રિપોર્ટ જેવા રોગોનું નિદાન ચેકઅપ કરી યોગ્ય દવાઓ આપવામાં આવી હતી. આ પ્રસંગે ડો.સુરેન્દ્ર ગુપ્તા એ જણાવ્યું હતુંકે મારા માતા-પિતા એ પોતાનું પ્રથમ મકાન આ જ વિસ્તારમાં લીધું હતુ અને મારો ડૉક્ટરીનો અભ્યાસ પણ આજ વિસ્તારમાં થયો હતો તો હું મારો પાડોશી ઓનો પ્રેમ કેવી રીતે ભૂલી શકું જેથી કરી મેં મારી માતૃશ્રી ની ૩૫ મુ પૂણ્યતિથી મારા જુના પડોશીઓની સારવાર કરવાનો વિચાર કરી આ કેમ્પનું આયોજન કર્યુ હતું.

# ખેડબ્રહ્માની દ્વારકેશ સોસાયટીમાં ચોરી

ખેડબ્રહ્મા, તા. ૪

ખેડબ્રહ્મા શહેરના વાસણા રોડ ઉપર આવેલ દ્વારકેશ સોસાયટીમાં શનિવારના રોજ બપોરના સમયે કોઈ ચોર ઈસમો રસોડાનો દરવાજો તોડી અંદર ઘૂસી ૮૫ હજારની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા.

શહેરમા વાસના રોડ પાર રહેતા ચંદ્રકાંતભાઈ ચૌહાણના ઘરમાં બપોરના ૧.૩૦ વાગે કોઈ ચોર ઈસમો ઘરમાં ઘૂસી ઘરના કબાટ તોડી અંદરથી સોના-ચાંદીના દાગીના ચોરી કરી પલાયન થઈ ગયા હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં આવેલ દ્વારકેશ સોસાયટીમાં રહેતા ચંદ્રકાંતભાઈ તેમના પરિવાર સાથે રહે છે જેમાં તેમાંના પિતાજી તથા તેમના પત્ની રહે છે શનિવાર સવારે ૮ વાગે એમના પિતાજી દુકાને ગયા હતા ત્યારે બાદ ૯ વાગે ચંદ્રકાન્ત ભાઈ દુકાને ગયેલ હતા જ્યારે તેમના પત્ની જાગૃતિબેન વડાલી ખાતે નાયબ મામતલતદર તરીકે ફરજ બજાવતા હોઈ સાડા દસ વાગે તેમના પત્ની વડાલી નોકરી જવાનું હોય તેમને મુકવા બસ સ્ટેશન ગયા હતા અને સીધા દુકાને જતા રહ્યા હતા બપોરના આશરે બે વાગ્યાના સુમારે તેમના ઘરે કામ કરવા આવતા મીનાબેન કામકારી ઓસરીમાં કપડાં સૂકવવા ગયા તો રસોડાનો દરવાજો તૂટી ગયેલ લાગતા તેમને પડોશમાં રહેતા જયશ્રીબેન ભાનુશાલીને બોલાવેલ જેથી તેમેન ચંદ્રકાન્તભાઈ ને જાણ કરેલી તેથી તેઓ તાત્કાલિક તેમના ઘરે પહોંચી જય જોયું તો જયશ્રીબેન અને કામવાળી બાઈ ઠાકોર મીનાબેમ ત્યાં હાજર હતા તેમણે ઘરમાં જ જોયેલું રસોડાના બહારથી જલી ખુલ્લી હતી અને દરવાજો તૂટેલ હતો જેથી ઘર ખોલી તપાસ કરતા બેડરૂમમાં મૂકેલી તિજોરી ખુલ્લી હતી અંદરનો સામાન વેરવિખેર પડેલું જેથી તેમણે તેમના પત્નીને બોલાવી લીધેલા હતા અને જોયુ તો સોના-ચાંદીના દાગીના જેમાં સોનાનો સેટ આશરે પોણા ચાર તોલા, સોનાની બુટ્ટી ચાર જોડ આશરે દોઢ તોલા સોનાની વીંટી ૩ ગ્રામ તેમજ ચાંદીના છડા બેજોડ તેમજ ચાંદીનો કંદોરો જોવા મળતા ન હતા જેથી ચંદ્રકાંતભાઈએ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશન જાણ કરતા પોલીસે ૮૫૦૦૦ની ચોરી અંગે અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધી અને ડોગ સ્કોડ બોલાવતાં આરોપી પર જલ્દી પહોંચી જવાય તે માટે ચક્રો ગતિમાન કરેલ હતી.



# બનાસકાંઠા જિલ્લાની નવ ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાઈ

### નવ ગ્રામ પંચાયતમાંથી પાંચ ગ્રામ પંચાયત સમરસ થઈ

બનાસકાંઠા જીલ્લામાં આજે ગ્રામપંચાયતની ચૂંટણી માટે મતદાન યોજાઈ રહ્યું છે. બનાસકાંઠા જીલ્લાની કુલ ૯ ગ્રામ પંચાયતમાંથી ૪ ગ્રામ પંચાયત સમરસ થતા હવે ૫ ગ્રામ પંચાયત માટે આજે મતદાન યોજાઈ રહ્યું છે. જેમાં લોકો મોટી સંખ્યામાં મતદાન મથકોએ મતદાન માટે પોહચ્યા છે. જીલ્લામાં કુલ પાંચ સરપંચ અને ૧૧ વોર્ડ માટે કુલ ૨૮ મતદાન મથક પર મતદાન થઈ રહ્યું છે. કોઈજ અનિચ્છનીય બનાવ ના બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

જિલ્લામાં ગ્રામ પંચાયત ની ચૂંટણી ની વાત કરીએ તો હસનપુર, પેડાગડા, કાણોદર, ખીમાણાવાસ અને ઉમેદપુરામાં સમગ્ર ગ્રામ પંચાયત ની બોડી માટે મતદાન થઈ રહ્યું છે. સવાર થી જ મતદાન કેન્દ્રો પર મતદાન માટે મતદારો ની કતારો જોવા મળી રહી છે. ગામમાં અન્ય ચૂંટણી કરતાં ગ્રામ પંચાયત ની ચૂંટણી મહત્વની છે ત્યારે લોકોએ આજે ગામના સર્વાંગી વિકાસ માટે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી રહ્યા છે.

## ખેમાણા ટોલનાકા પાસેથી દારૂ સાથે કાર ઝડપાઈ

પાલનપુર- આબુ હાઈવે ઉપર ખેમાણા ટોલ નાકા પાસેથી પોલીસે રૂપિયા ૬૩ હજારનો દારૂ ભરેલી કાર ઝડપી લીધી હતી. આ અંગે કાર સહિત કુલ રૂપિયા રૂપિયા ૩.૬૪ લાખ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

પાલનપુર તાલુકા પોલીસે બાતમીના આધારે ખેમાણા ટોલનાકા પાસે આબુરોડ તરફથી દારૂ ભરીને આવતી શંકાસ્પદ કારને રોકાવી તલાસી લેતા કારમાંથી વિદેશી દારૂ મળી આવ્યો હતો. જેથી પોલીસે જીતેન્દ્ર ઉર્ફે વિષ્ણુ રાજપૂત અને પંકજ ચૌધરી રહે.અમદાવાદની અટકાયત કરી રૂપિયા ૩.૬૪ લાખ નો મુદ્દામાલ કબજે કરી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી.



## આંત્રોલીમાં મધ ઉડતા દોડધામ : ૫૦ લોકોને મધમાખી કરડી

પાલનપુર તાલુકાના આંત્રોલી ગામ માં જોગણી માતાનો હવન યોજાયો હતો. જેમાં હવનનો ધુમાડો ઉડતા ૫૦ લોકોને મધમાખીઓ કરડતાં દોડધામ મચી ગઈ હતી. જેમાં પાંચેક લોકોને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયા હતા. આંત્રોલી ગામમાં જોગણી માતાનો હવન યોજવામાં આવ્યો હતો. જે હવનનો ધુમાડો થતા આસોપાલ ઉપર બેઠેલું મધ ઉડ્યુ હતું. જેને પગલે હવનમાં ઉપસ્થિત લોકોમાં દોડધામ મચી ગઈ હતી. જેમાં ૫૦ જેટલા લોકોને ભમરીઓ કરડી હોવાના અહેવાલ મળ્યા છે. જે પૈકી પાંચ લોકોને પાલનપુર સિવિલમાં સારવાર માટે ખસેડાયા હતા.

# હિંમતનગર જીઆઈડીસીમાં આવેલ કંપનીમાંથી લેપટોપ ચોરાયુ

હિંમતનગર જીઆઈડીસીમાં આવેલ એક સીરામીક કંપનીમાંથી ગત મંગળવારે અજાણ્યો શખ્સ રૂ. ૨૫ હજારની કિંમતનું લેપટોપ ચોરી જતા તેની વિરૂદ્ધ ગુરૂવારે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવાઈ હતી.

ફરીયાદમાં જણાવ્યા મુજબ હિંમતનગર જીઆઈડીસીમાં આવેલ ઓપેક સીરામીક કંપની લેબના પાછળના ખુલ્લા દરવાજાથી અજાણ્યા શખ્સે પ્રવેશ કરી રૂ. ૨૫ હજારની કિંમતના લેપટોપની ગત મંગળવારે ચોરી કરી લઈ ગયો હતો.